Seat No. : ______________

# MO-138

**March-2019**

**B.Ed., Sem.-IV**

**B-101 : Gujarati**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

સૂચના : (1) તમામ પ્રશ્નો ફરજીયાત છે.

(2) વિકલ્પો આંતરિક છે.

1\. (a) નીચેના કોઈપણ **એક** પ્રશ્નસમૂહનો ઉત્તર આપો : **14**

(1) 'માનવીની ભવાઈ' નવલકથાનો સારાંશ લખો તથા મુખ્ય પાત્રોનો પરિચય આપો.

(2) માતૃભાષાનાં શિક્ષકની લાયકાત તથા ઉત્તરદાયિત્વ વિશે વિસ્તૃત નોંધ લખો.

**અથવા**

(1) ગુજરાતી ભાષામાં પ્રથમવાર આપવામાં આવેલ જ્ઞાનપીઠ એવાર્ડ કઈ કૃતિને મળેલ હતો ? તેની વિશિષ્ટતાઓ અંગે નોંધ તૈયાર કરો.

(2) રાજેન્દ્ર શાહનાં જીવન અને કવન વિશે વિગતવાર નોંધ તૈયાર કરો.

(b) નીચેનામાંથી કોઈપણ **ચાર** પ્રશ્નના ઉત્તર આપો : **4**

(1) જ્ઞાનપીઠ એવાર્ડ મેળવનારા ગુજરાતી સાહિત્યકારોની યાદી આપો.

(2) ઉમાશંકર જોષીની કોઈપણ ત્રણ કૃતિઓના નામ આપો.

(3) છેલ્લો જ્ઞાનપીઠ એવાર્ડ કયા સાહિત્યકારને ફાળે જાય છે ?

(4) ભાષા શિક્ષણમાં કયા ગુણ વિશેષ હોવા જોઈએ ? કોઈપણ ત્રણ ગુણ જણાવો.

(5) 'અમૃતા' નવલકથાનાં પાત્રો જણાવો.

(6) "ભૂખ કરતાં ભીખ ભૂંડી" આ વાક્ય કઈ નવલકથાનું છે ?

2\. (a) નીચેના કોઈપણ **એક** પ્રશ્નસમૂહનો ઉત્તર આપો : **14**

(1) કોઈપણ એક એકમ (માતૃભાષાના) ને ધ્યાનમાં રાખી તેનાં સામાન્ય તથા પ્રત્યેક સામાન્યનાં ત્રણ-ત્રણ વિશિષ્ટ હેતુઓની નોંધ તૈયાર કરો.

(2) સમાજનાં મૂલ્યના ઘડતરમાં ભાષા તથા ભાષાશિક્ષકની ભૂમિકા સ્પષ્ટ કરો.

**અથવા**

(1) સામાન્ય હેતુઓનું આલેખન કરતી વખતે કઈ કઈ પાયાની બાબતોનું ધ્યાન રાખશો ?

(2) વૈશ્વિક હેતુ એટલે શું ? તેનું મહત્ત્વ સમજાવો.

(b) કોઈપણ ત્રણ પ્રશ્નના ઉત્તર આપો : **3**

(1) જ્ઞાનાત્મક અને ભાવાત્મક હેતુનાં બે ઉદાહરણ આપો.

(2) માતૃભાષાનાં શિક્ષકની વ્યાવસાયિક લાયકાત કઈ કઈ હોવી જરૂરી છે ?

(3) મૂલ્ય શિક્ષણ અને ભાષા શિક્ષણમાં કયા પ્રકારે સમાનતા શોધી શકાય ?

(4) 'વર્તનમાં પરિવર્તન' ને ધ્યાનમાં રાખી શ્રવણ કૌશલ્યનાં સંદર્ભે બે વિશિષ્ટ હેતુઓ નોંધો.

(5) "માતૃભાષા શિક્ષણ વ્યક્તિનાં જીવન પર અસર કરે છે." વિધાનની સત્યતા માટે દલીલ કરો.

3. (a) નીચેના કોઈપણ **એક** પ્રશ્નસમૂહનો ઉત્તર આપો : **14**

(1) પાઠ્યપુસ્તકની રચના કરતી વખતે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે. સમજાવો.

(2) ભાષા પ્રયોગશાળા એટલે શું ? તેમાં કયા – કયા સાધનો અને સગવડો જરૂરી છે ?

**અથવા**

(1) સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ દરમિયાન માતૃભાષા કેવી રીતે ઉપયોગી થઈ શકે ? ઉદાહરણસહ સમજાવો.

(2) ધોરણ-9 ના પાઠ્યપુસ્તકનું મૂલ્યાંકન કરો.

(b) નીચેનામાંથી કોઈપણ **ચાર** પ્રશ્નોના ઉત્તર આપો : **4**

(1) માતૃભાષાનાં પાઠ્યપુસ્તકનાં કોઈપણ બે આંતરીક લક્ષણો જણાવો.

(2) ગુજરાતી ભાષાનાં વિકાસ માટે કઈ-કઈ સંસ્થાઓ કામ કરે છે ?

(3) માતૃભાષાનાં શૈક્ષણિક સાધન-સામગ્રીનાં કેટલાં પ્રકાર છે ? દરેકનાં ત્રણ-ત્રણ ઉદાહરણો આપો.

(4) ભાષા પ્રયોગ શાળામાં દૃશ્ય-શ્રાવ્ય સાધનોની યાદી આપો.

(5) જોડણીકોષ અને જ્ઞાનકોષમાં કયો તફાવત હોય છે ?

(6) 'ભગવદ્ગોમંડળ' ના રચયિતાનું નામ આપો.

4. (a) નીચેના કોઈપણ **એક** પ્રશ્નસમૂહનો ઉત્તર આપો : **14**

(1) "સમાચારપત્ર સમાજનો અરીસો છે." વિધાન સમજાવો.

(2) ભાષા શિક્ષણમાં અલંકાર અને છંદની ઉપયોગિતા ઉદાહરણસહ સાબિત કરો.

**અથવા**

(1) અલંકારનો અર્થ આપી કોઈપણ બે અલંકારની ઉદાહરણસહ સમજૂતી આપો.

(2) ગદ્ય સમીક્ષા એટલે શું ? ભાષા શિક્ષકે ગદ્ય સમીક્ષા કરતી વખતે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે ?

(b) નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના ઉત્તર આપો : **3**

(1) ઉપમા અલંકારનાં ત્રણ ઉદાહરણ આપો.

(2) ભાષાને લગતા ત્રણ સામયિકોનાં નામ આપો.

(3) પદ્ય સમીક્ષા એટલે શું ?

(4) સમાચારપત્રોમાં તંત્રીલેખનું મહત્ત્વ શું હોય છે ?

(5) પૃથ્વી છંદનું બંધારણ તેમજ ઉદાહરણ આપો.